સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

મોતનો ભૂખ્યો આતંક એની જીભ ચટપટાવે છે
ઉભા વિનાશનાં આંગણે પૂંછડી પટપટાવે છે
ખટખટાવે છે દ્વાર નર્કનાં વગાડે મૃત્યુ ઘંટ -
સાંઢ બેકાબૂ મહાસત્તાઓને નાથ નયાવે છે...

હાઈકુ

વિશ્વ યુદ્ધના
વાગે છે ભણકારા -
ફફડે શાંતિ...

સત્તાની ભૂખ
ને ઈર્ષાની આગમાં -
લાગી છે લાહ્યા...

ચિંતન

માટી કહે કુમ્હાર સૌ, કયા તૂ સૌંદે મોહિ, એક દિન એસા હોયેગા, મેં રૌંદૂંગી તોહિ.

જયારે જયારે કબીરજી માનવીના જીવનની વિડંબનાનું વર્ણન કરે છે ત્યારે તેના શબ્દો ધારદાર બનીને ચોટ કરે છે. માટીને ગુંદતા કુંભારને જોઈને કબીરજી કેટલો મોટો તાત્ત્વિક વિચાર કરે છે!

દેહ, જેનું સર્જન પાંચ તત્ત્વોથી થયું છે અને મરણ બાદ પંચમહાભૂતોમાં વિલીન થવાનો છે તે નિશ્ચિત છે. દેહાભિમાનનું ઘડીના છઠ્ઠા ભાગમાં નિરસન થઈ જાય તેવો આ ઉપદેશ છે.

જે માટી કુંભારના પગ તળે ચગદાઈ રહી છે તેની મહત્તા કરતાં કબીરજી માટીના મુખે કુંભારને અને ઉપમા દ્વારા આપણને સમજાવે છે કે એક દિવસ આ નશ્વર દેહ માટીમાં ભળી જશે. બે પદની સાખીમાં કબીરજી ઉપદેશને બદલે નિરીક્ષણ કરે છે.

તેનું દરેક સામાન્ય ઘટનામાંથી અધ્યાત્મની ઊંચાઈ શોધી આપવાનું કાર્ય તેમને આગવી કક્ષામાં મૂકે છે. કબીરજી હંમેશા શાશ્વત પ્રશ્નની ગૂઢતાને સરળ વાતમાં સામે રાખી દે પછીનો વિચાર તો આપણે કરવાનો છે.

આચરણ વિનાની વિચારણા નિરર્થક છે.

સુવિચાર

- બુદ્ધિ તમને 'સુખ' માટેનું માર્ગદર્શન જરુર આપી શકશે...
  પણ 'હિત' માટેનું માર્ગદર્શન લેવા માટે તો હૃદયના શરણે જ જવું પડશે - **હૃદયસૂત્ર**
- પોતાની જાતને થોડીક ક્ષણો માટે મળી લેવાનો સમય એ 'પ્રાર્થના' - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સંબંધ' એ તો માણસે પ્રાપ્ત કરેલો સધિયારો છે..
  અને 'આધ્યાત્મિકતા' માણસે રળેલી સમજણ છે - **હિતેન આનંદપરા**
- એકાદ માણસ પર પૂર્ણ બનવા તરફ પ્રયત્ન પણ કરશે
  તો પણ વિશ્વનો ઉદ્ધાર થશે જ - **મહર્ષિ અરવિંદ**
- પાલ લો એક રોગ નાદાં જીંદગી કે વાસ્તે...
  સિર્ફ સેહત સે સહારે જીંદગી કટતી નહીં... - **ફિરાક ગોરખપૂરી**
- પુસ્તક તો લેખકનું લાડકવાયું સંતાન છે, એને પ્રેમથી રમાડતા શીખો... - **મોરારિ બાપુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

તન-મનની તંદુરસ્તીથી મન પ્રસન્ન અને આનંદિત રહે છે પ્રસન્ન ચિત્તમાં આત્મા પણ નિજાનંદમાં રહે છે એને 'બ્રહ્માનંદ' કહેવાય - એ જ બ્રહ્મજ્ઞાન છે. કર્વત્યોના પાલનમાં જ બ્રહ્મસુખ છે.

એકવાર એક હિપ્પી જેવો ગંધાતો મેલો-ઘેલો-વધેલો ગંધાતા વાળ અને લઘર-વઘર ફાટેલાં-ગંદા કપડાં પહેરેલો યુવાન હાથમાં ગિટાર લઈ એરિસ્ટોટલ પાસે આવ્યો અને કહ્યું : 'મને બ્રહ્મજ્ઞાન આપો.'

એરિસ્ટોટલે તેને કહ્યું - પહેલાં મારી શરત સાંભળ - તું દરરોજ નાહીં-ધોઈ વાળ કપાવી સ્વચ્છ કપડાં પહેરી વહેલી સવારે તારી ગિટાર પર મને એક સારી અધ્યાત્મિક ધૂન સાત દિવસ સુધી સંભળાવ પછી જ તને બ્રહ્મજ્ઞાન આપીશ જેથી તને પરમ શાંતિનો અનુભવ થશે...

યુવાન છ દિવસ કહેવા પ્રમાણે સ્વચ્છ થઈ આવ્યો અને પ્રસન્નતાથી ધૂન વગાડતો. સાતમે દિવસે જાતે જ બોલ્યો. આત્માની પ્રસન્નતા એ જ બ્રહ્મજ્ઞાન છે.

કાશ્મીરનું કોકડું

તંત્રીસ્થાનેથી....

એકી સાથે પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ કહી શકાય એવી ઘટનાઓ ઘટી રહી છે. ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો બીજો તબક્કો પણ 'અગ્નિ પરીક્ષા' જેવો જ નીવડશે, તો વળી આંતરરાષ્ટ્રીય સ્તરે તુર્કી અને રશિયા વચ્ચે ઠંડુ યુદ્ધ શરૂ થઈ ગયું છે. તુર્કીને અમેરિકાનો ટેકો છે એ જોતાં રશિયા સમર્થિત સિરિયા વિશ્વયુદ્ધનું નિમિત્ત બની શકે એવી શક્યતા નકારી શકાય એમ નથી. આ બધામાં આપણા વડાપ્રધાન અંગત ઈમેજ બિલ્ડિંગની કવાયતમાં પડ્યા છે, અને જયાં જાય છે ત્યાં આતંકવાદ વિરુદ્ધ દુનિયા આખીને એક સૂત્રમાં બાંધવાની હાકલ કરી 'વિશ્વનેતા' તરીકે પ્રસ્થાપિત થવા મથે છે. કાશ્મીરમાં એનડીએ સરકાર આવ્યા પછી પરિસ્થિતિ વધારે વણસવા પામી છે. અલગતાવાદીઓ વિરુદ્ધ કટ્ટર વલણ ધરાવતી નેશનલ કોન્ફરંસ હવે વિપક્ષમાં છે. કાશ્મીરને પાકિસ્તાનમાં જતું રોકવામાં નિમિત્ત બનેલા શેખ અબ્દુલ્લાના વંશજોએ કાશ્મીરને બાપીકી જાગીરની જેમ ભોગવવામાં કશું જ બાકી નથી રાખ્યું. છતાં, ફારૂખ અને ઉમર અબ્દુલ્લાના શાસન દરમિયાન પ્રમાણમાં પરિસ્થિતિ વધારે સારી હતી એવું તો ખુદ નરેન્દ્ર મોદીને પણ લાગતું હશે. હમણાં ભારત-પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલી તંગદિલી અને છાશવારે થતી ઘૂસણખોરી, આતંકવાદીઓનો સામનો કરતાં દર અઠવાડિયે શહીદ થતા ભારતીય સૈનિકોને અપાતા શ્રદ્ધાંજલીના સમાચારો પછી બે પાડોશી રાષ્ટ્રો વચ્ચે અટકી ગયેલો 'સંવાદ' પુનઃ ચાલુ થવાની શક્યતા નહીંવત જ ગણાય. છતાં, આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ કદાચ પાકિસ્તાનના નવાઝ શરીફે એવા બિનશરતી સંવાદની તૈયારી દર્શાવી હોય તો તે કૂટનીતિનો જ એક હિસ્સો ગણાવો જોઈએ. વાસ્તવિકતાને નજરઅંદાજ કરીને કાલ્પનિક આદર્શની માળાજાળ રસવાથી કોઈ ભલીવાર આવવાની શક્યતા નથી. કાશ્મીરનો પ્રશ્ન એ પાકિસ્તાન માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે, એટલે ગમે તેટલી સૌહાર્દપૂર્ણ વાતચીત પછી પણ એ પ્રશ્ન તો ડેમોક્લીસની તલવારની જેમ ભારતના માથે ઝળૂંબતો જ રહેવાન છે. કાશ્મીર મુદ્દે હિંદુસ્તાન સામે એક હજાર વર્ષ લાંબો જંગ લડી લેવાના સોગંદ ખાનારા ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને ઈંદિરા ગાંધી સાથે શિમલા કરાર કરવા પડ્યા હતા. ત્યારે પણ કાશ્મીરનો મુદ્દો એમણે છોડ્યો નહોતો. આ મુદ્દે પરસ્પર વાતચીત દ્વારા ઉકેલ લાવવાનો ઠરાવ જરુર થયો હશે, પરંતુ ભુટ્ટો પછીના તમામ શાસકો અને સૈન્ય વડાઓએ શિમલા સમજૂતીને કોરાણે મૂકી આ પ્રશ્ન આંતરરાષ્ટ્રીય ફલક પર ચર્ચવાની એક પણ તક જવા દીધી નથી. પાકિસ્તાન એના કબજા બેઠળના આઝાદ કાશ્મીર સાથે ભારતના કાશ્મીરને સાંકળી નવા સ્વાયત્ત કાશ્મીરની તરફેણ કરે છે, તે શું આપણી સરકાર નથી જાણતી? મુશરફ અને નવાઝ શરીફ સ્થાનિક કક્ષાએ એકમેકના વિરોધી હોવા છતાં કાશ્મીર મુદ્દે એક સરખું વલણ દાખવતા રહ્યા છે. કાશ્મીરને પાકિસ્તાન પોતાની સાથે ભેળવી શકે એવી શક્યતા નથી, તે ખુદ અલગતાવાદીઓ પણ જાણે છે, છતાં અલગતાવાદીઓને પાકિસ્તાન સતત સમર્થન આપતું રહ્યું છે. ફારૂખ અબ્દુલ્લાએ તાજેતરમાં કરેલું વિધાન વાસ્તવિકતાની નજીકનું છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને ભારત પોતાનો અંતર્નિહિત પ્રદેશ માનતું રહે, એથી જે વાસ્તવિકતા છે એમાં કોઈ જ ફરક પડવાનો નથી. કાશ્મીરમાં પ્રજામત લેવાની વાત આવે તો એ ભારતની તરફેણમાં જ હશે, એમ માની લેવું વધારે પડતું છે, પાકિસ્તાને કબજે કરેલ આઝાદ કાશ્મીર કયારેય ભારતને મળવાનું નથી, તે હકીકત કડવી લાગે તો પણ સ્વીકાર્યા વગર ચાલે એમ નથી. એટલે ફારૂખ અબ્દુલ્લાને દેશદ્રોહી કહી ઉતારી પાડવાના બાલિશ પ્રયાશો કરવા એ વાજબી નથી. બેઉ દેશો હાલની યથાસ્થિતિ - 'સ્ટેટસ કો' સ્વીકારીને એકમેક સામે લડવા-ઝઘડવાનું બંધ કરે તે બેઉનાં હિતમાં છે. ફારૂખની આ થિયરી પણ શાણા માણસને ગળે ઊતરે એવી છે. એ પાકિસ્તાનને મંજૂર નહોતી, એથી સ્તો વાજપેયી અને ફારૂખ દ્વારા કરાયેલી તેમની સરકાર વખતની દરખાસ્ત અદ્ધર થઈ ગઈ હતી અને કારગીલનું યુદ્ધ આવી પડ્યું હતું.

સૂરજ હોવા છતાંયે હું રોજ નમી જાઉં છું, અને એટલે જ તો હું સૌને ગમી જાઉં છું...!

સૂરજ હોવા છતાંયે હું રોજ નમી જાઉં છું,
અને એટલે જ તો હું સૌને ગમી જાઉં છું...!

સૂર્ય એ પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવ છે. ચારણી સાહિત્યમાં સૂરજ માટે લખાયુ છે કે,

સૂરજ પ્રત્યક્ષ દેવ હૈ, ને નર વંદે પાખાણ;
ઈશર કહે સુનો ઉમૈયા, એ તાં લોક અજાણ!

એક વાર શંકર અને પાર્વતીજી વાતો કરતા હતા કે પૃથ્વી પરના આ લોકો કેટલા અજાણ અને મૂર્ખ છે. સૂર્ય જેવા સાક્ષાત્ પ્રગટ દેવને મૂકીને અન્ય પથ્થરોને પૂજે છે અને તેમાં ઈશ્વરને શોધે છે! પણ અહીં વાત છે નમવાની; નમી જવાની. કોઈની આગળ નમવું કે ઝુકી જવું એટલે તેના તરફ આદરભાવ હોવો. બીજી રીતે નમવું એટલે કે જતું કરવાની ભાવના કેળવવી. નાની-નાની ક્ષુલ્લક બાબતોનો શોર મચાવ્યા વિના હસતાં મુખે કોઈ અન્યની ખુશી કે સંતોષ ખાતર નમી જવું એ નમવાનો અન્ય પ્રકાર છે. ઘણીવાર જરૂરિયાતને કારણે અને મજબૂરીથી નમી જવું પડતું હોય છે પરંતુ તેમાં સ્વાર્થવૃત્તિ કે દમનવૃત્તિ પ્રબળપળે રહેલી છે. જયારે પોતાની પાસે બધું જ હોય અને સૂર્યસમાન તેજસ્વી અને બળવાન હોવા છતાં કોઈની સામે નમી જવું એ નમી જવાનો સર્વશ્રેષ્ઠ તબક્કો ગણાય.

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

આપણે ઘણીવાર અનુભવ્યું છે કે વ્યક્તિને પોતાની પાસે જે કંઈ હોય તેનું અભિમાન હોય છે. કોઈને પોતાના રુપનું, કોઈને ગુણનું, કોઈને સત્તાનું કે કોઈને પદ-પ્રતિષ્ઠા મેળવવાનું. આ બધામાં ગળાડૂબ ડૂબેલો વ્યક્તિ કયારેક ઉદ્ધત કે તોછડો બની જતો હોય છે. અરે, ઘણીવાર તો પોતાની પાસે બધું જ હોવા છતાં પોતાને તે વાતનો કોઈ જ ઘમંડ નથી એવું પણ વ્યક્તિને લાગતું હોય છે. પરંતુ, જયારે વાત જતું કરવાની કે કોઈની સામે નમી જવાની આવે ત્યારે આ દંભનો ઘડો કડડ્ભૂસ કરીને ચૂરચૂર થઈ જાય છે. સૂર્ય એ પૃથ્વી પરની સજીવસૃષ્ટિને જીવાડનાર અને પોષનાર દેવ છે તેમ છતાં દરેક સાંજે પોતાના નિયત સમય અનુસાર તે અસ્ત થાયછે. એક ક્ષણ માટે વિચારી જુઓ કે જો સૂર્ય ગુમાનમાં આવીને સાંજ પડે અસ્ત જ ન થાય તો આ સૃષ્ટિનું શું થાય? કુદરતનું સંતોલન સાવ ખોરવાઈ જાય અને દરેક જીવ મોટી મુસીબતમાં આવી પડે. તો આપણી જેવા પામર મનુષ્યે કર્મસંજોગ મળેલા પોતાના જ્ઞાન, ધન, રુપ કે પદ-પ્રતિષ્ઠાનું ગુમાન શા માટે કરવું?



સૂર્યાસ્તને જોઈને અન્ય એક બાબતની પ્રતીતિ આપણને થાય અને એ વાત છે મનુષ્ય જીવનમાં બનતી સારી-નરસી ઘટનાઓની. આપણી આસપાસ રહેતા લોકો હોય કે મિત્રવર્તુળ આપણે ઘણાના જીવનમાં આવતા આવા ઉતાર ચડાવ નિહાળ્યા છે. પરંતુ, એ જ ઉતાર-ચડાવ જયારે આપણા જીવનમાં આવે ત્યારે કયારેક ખુશીમાં ભાન ભૂલીને મદમસ્ત બની બેસીએ છીએ તો કયારેક આખીયે દુનિયા લૂંટાઈ ગઈ હોય એવી આઘાતજનક હતાશા અનુભવીએ છીએ. આવા સમયે આપણે વિચારવાનું છે કે સૂર્ય જેવો સૂર્ય પણ અસ્ત થઈ જાય તો આપણી તો શું વિસાત? અને હા, આપણા પ્રયત્નો અને આપણું કાર્ય સંપૂર્ણ નિષ્ઠાથી અવિરતપણે કરતાં રહેવું. જે રીતે સૂર્યાસ્ત થયો છે તે જ રીતે એક દિવસ ફરીથી સૂર્યોદયના આનંદને આપણે માણી શકીશું. માટે ખૂબ ધીરજ અને સંવેદનશીલ બનીને કુદરતના આ ક્રમને જીવનનો ક્રમ ગણીને આ જીવનયાત્રાને આગળ વધારતા રહેવું. જેની પાસે કંઈ જ નથી તેણે મેળવવાનું છે, પામવાનું છે અને તેના માટે પ્રયત્નશીલ રહેવાનું છે. જેણે બધું જ મેળવીને ગુમાવ્યું છે તેણે આ અવસ્થાને જીરવીને સૂર્યોદયની પ્રતિક્ષા કરવાની છે અને જેની પાસે બધું જ છે અને કર્મસંજોગ ટકી પણ રહ્યું છે તેણે આ બાબતનું મિથ્યાભિમાન કર્યા વિના 'down to earth' કઈ રીતે રહેવું એ સૂર્યને ધ્યાનમાં રાખીને યાદ રાખવાનું છે.

- nehalgadhavi101@gmail.com

પંજાબમાં ચૂંટણી પૂર્વે જ ધૂણતું ખાલિસ્તાનનું ભૂત

સરબત ખાલસામાં અલગ શીખ દેશની પંચવર્ષીય યોજનાની રાષ્ટ્રપતિભવન સુધી રાવ

ફરી એક વાર ભારતમાંથી શીખપ્રદેશને અલગ કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં ખાલિસ્તાન દેશ મેળવી લેવાની ઝુંબેશ તળ પંજાબમાં ધાર્મિક મેળાવડા 'સરબત ખાલસા'ના આયોજન થકી નવા જોમ સાથે આરંભાઈ છે. છેલ્લાં નવ વર્ષથી અકાલીદળ અને ભારતીય જનતા પક્ષની સંયુક્ત સરકારના શાસનવાળા પંજાબ રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. એ પૂર્વે નવાં રાજકીય સમીકરણ અને રાષ્ટ્રવાદી-રાષ્ટ્રવિરોધી ઉહાપોહની ગાજવીજ આરંભાઈ ચુકી છે. કૉંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ છેક રાષ્ટ્રપતિભવન સુધી રાવ નાંખીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને તાજેતરમાં પવિત્ર ગુરુગ્રંથસાહેબને અપમાનિત કરવાની ઘટનાઓની આડશે પંજાબ પોલીસે કરેલા ગોળીબારમાં બે વ્યક્તિનાં મોત થવાની ઘટનાની અદાલતી તપાસ યોજવાની માગણી કરી એટલે સત્તારૂઢ અકાલી-ભાજપ સરકારના નાયબ મુખ્યપ્રધાન અને શિરોમણિ અકાલી દળના વડા સુખબીરસિંહ બાદલે તો રાષ્ટ્રપતિ સમક્ષ પંજાબમાં કૉંગ્રેસના શાહજાદા રાહુલ ગાંધીના વડપણ હેઠળ અશાંતિ સર્જવાનો પ્રયાસ કૉંગ્રેસ થકી થઈ રહ્યાની અને રાષ્ટ્રવિરોધી કૉંગ્રેસની પક્ષ તરીકેની માન્યતા જ રદ કરવાની માગણી કરી.

ઘરઆંગણે પંજાબમાં કૉંગ્રેસનાં બે જૂથ એકમેકને પછાડવાની વેતરણમાં ચરમસીમાએ હતાં ત્યારે બહારના આક્રમણે એમને સંગઠિત થવાની અથવા તો દેખાવ પૂરતું સંગઠિત થઈને અકાલીદળના વરિષ્ઠ નેતા અને પંજાબના ૯૦ વર્ષીય મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલના વડપણવાળી અકાળી-ભાજપ સરકારનાં કરતૂતોને ઉઘાડાં પાડવાની તક ઝડપી લીધી છે. જોકે આ ઘટનાક્રમમાં અકાલી વિરુદ્ધ કૉંગ્રેસ જોવા મળે છે, પણ રહસ્યમય રીતે ભારતીય જનતા પક્ષ મૂકપ્રેક્ષક બની રહ્યાનું જોવા મળે છે. હજુ થોડા જ દિવસ પહેલાં પંજાબના પતિયાળાના પૂર્વ રાજવી પરિવારના કૅપ્ટન અમરીન્દર સિંહ કૉંગ્રેસમાં ભાગલા પડાવીને ભાજપ સાથે જોડાણ કરવાની રાજરમતમાં રમમાણ હોવાના ખુલ્લા આક્ષેપ કરીને પંજાબ કૉંગ્રેસના વડા પ્રતાપસિંહ બાજવાએ પક્ષના મોવડીમંડળને 'મોડું થઈ જાય એ પહેલાં' કેન્દ્રના વર્તમાન મંત્રી અરુણ જેટલીને હરાવીને અમૃતસરના સાંસદ બનેલા પૂર્વ મુખ્યમંત્રી અમરીન્દરને કૉંગ્રેસમાંથી તગેડી મૂકવાની વિનવણી કરી હતી. નાયબ મુખ્યપ્રધાન બાદલના દિલ્હી જઈને આદરવામાં આવેલા અટકચાળાએ બાજવા અને અમરીન્દર બેઉને કૉંગ્રેસ તથા રાહુલ ગાંધીના બચાવવામાં મેદાને પડવાની તક પૂરી પાડી છે.

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

અન્ય રાજ્યોની જેમ જ પંજાબમાં પણ પરંપરાગત રીતે કૉંગ્રેસમાં નોખી છાવણીઓ રહી છે. એટલું જ નહીં, પંજાબમાં તો છેક ૧૯૨૦માં સ્થપાયેલા માસ્ટર તારાસિંહના અકાલી દળે અલગ શીખીસ્તાન મેળવવા માટેની કોશિશ ભૂતકાળમાં કરી જોઈ હતી, પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ નેતા બ્રિટિશ ઈન્ડિયાના ત્રણ નહીં, માત્ર બે જ ભાગ માટે સંમત થયા એટલે અલગ શીખીસ્તાનની માગણી સમયાંતરે દેશ-વિદેશમાં વસતા શીખ સમુદાયની લાગણીને ભડકાવતી રહી છે. પાકિસ્તાનમાં પંજાબનો પશ્ચિમ હિસ્સો ગયો અને શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનકદેવની જન્મભૂમિ પણ અત્યારે પાકિસ્તાનમાં નાનકાના સાહિબ ખાતે હોવાથી આતંકવાદની ઓથે અલગ ખાલિસ્તાન ચળવળને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પાકિસ્તાનનું સમર્થન મળતું રહ્યું છે. ત્રણેક દાયકા પહેલાં અલગ ખાલિસ્તાન દેશની માગણીના ટેકાથી પંજાબ ગ્રસ્ત હતું ત્યારે જરનેલ સિંહ ભિંડરાંવાલે જેવાને કૉંગ્રેસે અકાલી દળ સામે હાથ પર લીધો, પરંતુ પવિત્ર સુવર્ણમંદિરના હરમંદિર સાહિબ પર કબજો જમાવી બેઠેલા આતંકનો પર્યાય બનેલા ભિંડરાંવાલે અને ટેકેદારોને ખદેડવા તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ લશ્કર પાઠવીને ૧ જૂન ૧૯૮૪થી દસ દિવસ માટે 'ઑપરેશન બ્લ્યૂસ્ટાર' હાથ ધરવું પડ્યું હતું. ભિંડરાંવાલે એમાં માર્યો ગયો, પણ શીખ સમુદાયની લાગણી એવી ઘવાઈ કે પવિત્ર સુવર્ણમંદિરમાં લશ્કર પાઠવવાનું 'અપવિત્ર કામ' કરનારા વડાપ્રધાન ઈંદિરા ગાંધી અને એ વેળાના ભારતીય લશ્કરના વડા જનરલ અરુણ વૈદ્યને મોતને ઘાટ ઉતારાયાં હતાં. ઈંદિરા ગાંધીની હત્યા થયા પછી ૧૯૮૪માં ૩૦૦૦ જેટલા શીખોની હત્યા કૉંગ્રેસના નેતાઓ થકી કરાવવામાં આવ્યાના નામે હજુ આજે પણ રાજકીય હૂંસાતૂંસી ચાલતી રહી છે.

છેલ્લાં વીસ વર્ષથી પંજાબમાં શાંતિ જળવાઈ છે. જો કે એ ગમે ત્યારે ભંગ થાય એવા સંજોગ રાજનેતાઓ અને તેમનાં ચૂંટણીનાં ગણિત સર્જતાં રહ્યાં છે. છેલ્લાં નવ વર્ષથી પંજાબની અકાલી-ભાજપની થકી ભિંડરાંવાલેને શહીદનો દરજ્જો આપવાનો મુદ્દે ખેંચતાણ ચાલતી રહી છે. આવા સંજોગોમાં આતંકવાદ જ્યારે પંજાબમાં ચરમસીમાએ હતો ત્યારે એના પોલીસવડા નિયુક્ત થયેલા જુલિયો રિબેરોના શબ્દોનું સ્મરણ થયા વિના રહેતું નથી: ''આતંકવાદ ક્યારેય મરતો નથી. એ સુષુપ્તાવસ્થામાં રહે છે અને ગમે ત્યારે ભડકી ઊઠે છે.'' પંજાબમાં પણ આવું જ છે. સરદાર જગજિતસિંહ ચૌહાણ લંડનમાં રહીને શીખરાષ્ટ્ર ખાલિસ્તાનના સ્વઘોષિત રાષ્ટ્રપતિ તરીકે ખાલિસ્તાની પાસપોર્ટ કે ખાલિસ્તાની ચલણી નોટો-ડૉલર પ્રસારિત કરવાની સાથે અલગ શીખ દેશની ચળવણને હૂંફ બક્ષતો હતો, પણ એ સ્વદેશ પાછો ફર્યા પછી ગુમનામીમાં જ મૃત્યુને ભેટ્યો અને આખી ચળવળને આતંકી કે ઉગ્રવાદી જૂથોએ રીતસર હાઈજૅક કરી લીધી હતી. જે ભિંડરાંવાલેને કૉંગ્રેસના ઝૈલસિંહે (પાછળથી રાષ્ટ્રપતિ થયેલા) મોવડીમંડળની વૉટબૅંક અંકે કરવાની નીતિરીતિને કારણે મોટો કર્યો, એ જ ભિંડરાંવાલે ભસ્માસૂર સાબિત થયો. પત્રકારશિરોમણિ કુલદીપ નાયરે આત્મકથા 'બિયૉન્ડ ધ લાઈન્સ'માં નોંધ્યું છે કે પોતે ભિંડરાંવાલેનો ઈન્ટરવ્યૂ કરી રહ્યા હતા ત્યારે તેમને મળવા આવેલા કેન્દ્રના એ વેળાના કૉંગ્રેસી મંત્રી સ્વર્ણસિંહ ખુરશીને બદલે ભોંય પર બેસવાનું પસંદ કરતા હતા, કારણ સંતની સામે જમીન પર જ બેસાય. આતંકવાદનો પર્યાય બનેલો ભિંડરાંવાલે ઑપરેશન બ્લ્યૂસ્ટારમાં મરાયા પછી શહીદ લેખાયો એટલું જ નહીં, પંજાબમાં અકાલી-ભાજપની સરકાર થકી એને શહીદ ગણાવીને તેનાં સ્મારક ઊભાં કરવાના સરકારી નિર્ણયને ભાજપની નેતાગીરીએ કમને સ્વીકારવો પડ્યો, પણ સત્તામાંની ભાગીદારીને છોડવાની એનામાં હિંમત નહોતી. ભાજપ સત્તા છોડે તો પણ એકલે હાથે સરકાર ચલાવવા જેટલી બહુમતી અકાલી દળ પાસે હતી.

ગત ૧૦ નવેમ્બરે પંજાબમાં 'સરબત ખાલસા'ના નામે ધાર્મિક મેળાવડો યોજાયો, તેમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં શીખોનો અલગ દેશ ખાલિસ્તાન મેળવવા અંગેનો ઠરાવ પણ થયો. પંજાબમાં મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલના કાર્યક્રમોમાં પણ સરદાર સિમરણજિત સિંહ માનના નેતૃત્વવાળા શિરોમણિ અકાલીદળ(અમૃતસર)ના કાર્યકરો ખુલ્લેઆમ ખાલિસ્તાનવાદી નારા લગાવે છે. માન ભારતીય પોલીસ સેવા (આઈપીએસ)ના અધિકારી રહ્યા છે અને તેમણે ઑપરેશન બ્લ્યૂસ્ટારનો વિરોધ કર્યો હતો. જેલમાંથી અને જેલ બહારથી લોકસભા ચૂંટણી લડેલા માન બબ્બેવાર લોકસભામાં ચૂંટાયા હતા. 'સરબત ખાલસા'માં ખાલિસ્તાન માટેના સમર્થનમાં ઠરાવ થયો અને તેમાં કૉંગ્રેસ તથા આપ (કેજરીવાલનો પક્ષ)ના નેતા હાજર રહ્યાની વાત પણ માને જાહેર કરી હતી.

આ જ મુદ્દે સુખવીર બાદલે કૉંગ્રેસ પર તીર તાક્યું છે. કૉંગ્રેસની માન્યતા રદ કરાવવાની માંગણી કરી છે. જોકે કૅપ્ટન અમરીન્દર સિંહે તો બાદલનો ઉઘડો લેતાં તેમના પિતા અને પંજાબના મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે ભારતીય બંધારણને ફાડવા અને બાળવા ઉપરાંત અલગ ખાલિસ્તાનની માગણીને ટેકો આપ્યો હોવાનું પણ સ્મરણ કરાવ્યું છે. અમરીન્દર અત્યારે લોકસભામાં કૉંગ્રેસના નાયબ નેતા છે. એમનું કહેવું છે કે સરબત ખાલસા તો અકાલી-ભાજપની સરકારથી ત્રસ્ત લોકોની લાગણીનો પડઘો પાડે છે. એમાં હાજર રહેલા બે કૉંગ્રેસી ધારાસભ્યો વ્યક્તિગત રીતે શીખ તરીકે હાજર રહ્યા હતા. માયાવતીની બહુજન સમાજ પાર્ટી અને આપ પાર્ટીના આગેવાનોએ પણ તેમાં હાજરી આપી હતી. કૉંગ્રેસ પક્ષ સરબત ખાલસાના ઠરાવો સાથે સંમત નથી. હકીકતમાં આજે જો ચૂંટણી થાય તો અકાલીદળને એકપણ બેઠક મળે નહીં એટલે પોતાની નિષ્ફળતાઓના દોષનો ટોપલો સુખબીર કૉંગ્રેસ પર નાંખવા માંગે છે.

પંજાબ કૉંગ્રેસના અધ્યક્ષ પ્રતાપસિંહ બાજવાએ તો અકાલી નેતાગીરીને અકળાવે તેવા પાંચ સવાલ સુખબીરને કર્યા છે. ૧.પ્રકાશસિંહ બાદલે ભારતીય બંધારણની કલમ ૨૫(અ)ને માત્ર ફાડી જ નહોતી, બંધારણને બાળ્યું પણ હતું. ક્યા વો કૌમપરસ્ત(રાષ્ટ્રવાદી) હૈં? ૨.૧૯૯૨માં સ્વતંત્ર શીખ દેશની પ્રકાશસિંહ બાદલે માગણી કરી હતી. એમને રાષ્ટ્રવાદી ગણાય કે? ૩. ૧૯૮૪માં અમૃતસરના સુવર્ણમંદિરની સુરક્ષા માટે પ્રકાશ બાદલે ૧ લાખ શીખોની સેના ઊભી કરવાની વાત કરી હતી, એ રાષ્ટ્રવાદી કહેવાય? ૪. આતંકવાદી ગુરજંટસિંહના ભોગમાં જઈ તેને શહીદનો દરજ્જો આપવાની વાત કરનાર પ્રકાશસિંહ બાદલ

અનુસંધાન પાના નં. ૭ પર

સંપાદીત જમીનનું વળતર ના ચુકવાયુ હોય તો મુળ માલિકને પરત કરવી જોઈએ

કેન્દ્ર સરકારે ૨૦૧૩ મ લાગુ કરેલ રાઈટ ટુ ફેટ કમ્પન્સેશન એન્ડ ટ્રાન્સપરેન્સી ઈન લેન્ડ એકવીઝીશન રીહેબીલેશન એન્ડ રીસેટલમેન્ટ એકટ ૨૦૧૩ ની જોગવાઈઓ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમ જમીન સંપાદન લગત મહત્વનો ચુકાદો આપતા હજારો ખેડૂતોને આનો લાભ મળશે. સરકારે સંપાદીત કરેલ પરંતુ વળતર ના ચુકવેલ હોય તેવી ટંકારા તાલુકાના ખેડૂતોની ડેમમાં ડુબમાં ગયેલ જમીનો મુળ માલીકોને પરત સોંપવાનો ચુકાદો આપેલ છે.

રાજય સરકારે જે તે સમયે સંપાદીત કરેલ જમીનોનું વળતર ખેડૂતોને ચુકવેલ નહી તેમજ જમીન કાયદાની જોગવાઈ મુજબ ૫ વર્ષ કરતા વધુ સમય પહેલા જમીનો સંપાદીત થયેલ સરકાર દ્વારા સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોની જમીનો સંપાદીત કરવામાં આવી હતી જે કાર્યવાહી સને ૨૦૦૫ માં સરકાર દ્વારા કરવામાં આવેલ જે તે સમયે ખેડૂતોએ વળતર સ્વીકારતા એવું જણાવેલ કે તેઓ પોતાના જોખમે જમીન રાખવા ઈચ્છે છે ડુબમાં જશે તો નુકશાન પોતે ભોગવશે તેમને આ જમીન સામે વળતર નથી જોઈતું. જમીન ઉપર પાકને કોઈ નુકશાન થશે તો તેની જવાબદારી સરકારની રહેશે નહી અને વળતર માટે દાવો પણ સરકાર સામે નહી કરે તેવી બાંહેધરી આપેલ. જમીન માલીકોની આવી લેખીત બાંહેધરીના કારણે સરકારે વળતર અને જમીન સંપાદનની કામગીરી અટકાવી દીધેલ.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સરકાર દ્વારા સંપાદીત થયા બાદ પણ આ જમીનો કયારેય ઉપયોગ થયો ન હતો માત્ર ચોમાસાની ઋતુમાંજ પાણી ભરાતુ જે પાણી ઉતરતા તેના ઉપર ખેતી થઈ શકતી હતી.

સરકારે ડેમ ઉપર હાઈડ્રોપ્લસ ફયુઝ ગેટ લગાવેલ જેના માટે સરકારે ૪૨ જેટલા ખેડૂતોની જમીન સંપાદીત કરેલ અને વળતર ચુકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ તે પૈકી ૩૯ જેટલા જમીન માલીકોએ વળતર મેળવી લીધું હતું પરંતુ તેમ છતાં પણ કેટલીક જમીનો ખુલ્લી રહેવા પામેલ જે